# રાજકોટ મહાનગરપાલિકા

## રાજકોટ મહાનગરપાલિકા ખાતેના "અર્બન હેલ્થ પ્રોજેક્ટ સેલ" માટે ભરતી અંગેની જાહેરાત

ગુજરાત સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા શહેરી આરોગ્ય સેવાનું માળખું સુવ્યવસ્થિત કરવા માટે રાજકોટ મહાનગરપાલિકાને ફાળે આવેલ (૧) સામુહીક આરોગ્ય કેન્દ્રની વિવિધ સંવર્ગની કુલ ગેપ(ખૂટતી) પોસ્ટ નવી બાબત (૨) શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માટે નવી જગ્યાઓ ઉભી કરવા અંગેની નવી બાબત (૩) શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માટે અને અગાઉ મંજુર થયેલ ખાલી જગ્યાઓ માટે નીચે જણાવ્યા મુજબ તદ્દન હંગામી ધોરણે ફિક્સ પગારથી સરકારશ્રીની ૧૦૦ % ગ્રાન્ટ આધારિત જગ્યાઓ ભરવા માટે તા.૨૯/૦૮/૨૦૨૩, મંગળવાર સુધીમાં ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે.

| જગ્યાનું નામ | કુલ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | શારીરિક અશક્ત | કુલ જગ્યાઓ પૈકી માજી સૈનિક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | બિનઅનામત | આ.ન.વ. | સા.શૈ.પ. | અનુ. જાતી | અનુ. જન જાતી | બિનઅનામત | આ.ન.વ. | સા.શૈ.પ. | અનુ. જાતી | અનુ. જન જાતી | | |
| ગાયનેકોલોજીસ્ટ (સ્ત્રી રોગ નિષ્ણાંત) | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| પીડિયાટ્રીશીયન (બાળ રોગ નિષ્ણાત) | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| મેડીકલ ઓફિસર | ૦૭ | ૦૨ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| લેબ.ટેકનીશીયન | ૧૫ | ૦૬ | ૦૧ | ૦૫ | ૦૧ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૩ |
| ફાર્માસીસ્ટ | ૧૭ | ૦૯ | ૦૧ | ૦૪ | ૦૧ | ૦૨ | ૦૩ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૩ |
| સ્ટાફ નર્સ | ૦૫ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ફિમેલ હેલ્થ વર્કર (ફક્ત સ્ત્રીઓ માટે) | ૫૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૪ | ૦૩ | ૧૦ | ૦૫ | ૧૦ | ૦૧ | ૧૬ |
| મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુરૂષ) | ૩૩ | ૧૫ | ૦૩ | ૦૯ | ૦૨ | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૫ |
| કુલ | ૧૩૩ | ૩૯ | ૦૬ | ૨૦ | ૦૫ | ૧૧ | ૩૦ | ૦૩ | ૧૨ | ૦૫ | ૧૦ | ૦૫ | ૨૮ |

- અગાઉ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની તા.૧૭/૦૧/૨૦૨૩ નાં રોજ કુલ-૧૧૭ જગ્યાઓ માટે જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવેલ જે યથાવત છે અને ઉક્ત ક્રમ-૮ મુજબની જગ્યાઓ નવી મંજુર થયેલ જગ્યાઓ છે જેથી દરેક ઉમેદવાર આ ભરતી અન્વયે પણ ઉમેદવારી નોંધાવી શકશે.
- ઉક્ત કેડરની લાયકાત, પગારધોરણ, વયમર્યાદા તેમજ અન્ય સંલગ્ન માહિતી માટે વેબસાઈટ www.rmc.gov.in પરથી એનેક્ષર-એ(સુચનાપત્રક) ડાઉનલોડ કરી વિગતો મેળવવી.

(સહી:-અનિલ ધામેલીયા)
નાયબ કમિશનર(મહેકમ)
રાજકોટ મહાનગરપાલિકા

# રાજકોટ મહાનગરપાલિકા

## જાહેરાત અંગેની સૂચનાઓ: એનેક્ષર-એ

ગુજરાત સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા શહેરી આરોગ્ય સેવાનું માળખું સુવ્યવસ્થિત કરવા માટે રાજકોટ મહાનગરપાલિકાને ફાળે આવેલ(૧) સામુહીક આરોગ્ય કેન્દ્રની વિવિધ સંવર્ગની કુલ ગેપ(ખૂટતી) પોસ્ટ નવી બાબત (૨) શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માટે નવી જગ્યાઓ ઉભી કરવા અંગેની નવી બાબત (3) શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માટે અને અગાઉ મંજુર થયેલ ખાલી જગ્યાઓ માટે નીચે જણાવ્યા મુજબ તદ્દન હંગામી ધોરણે ફિક્સ પગારથી સરકારશ્રીની ૧૦૦ % ગ્રાન્ટ આધારિત જગ્યાઓ અર્બન હેલ્થ પ્રોજેક્ટ સેલ માટે ભરવા કેટેગરી વાઈઝ ઉમેદવારો પાસેથી ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે www.rmc.gov.in પર તા.૧૫/૦૮/૨૦૨૩ થી તા.૨૯/૦૮/૨૦૨૩(૨૩.૫૯ કલાક) સુધીમાં લોગીન કરી અરજી કરવાની રહેશે.

## **શૈક્ષણિક લાયકાત અને પગારધોરણ :**

| જગ્યાનું નામ | કુલ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | શારીરિક અશક્ત | કુલ જગ્યાઓ પૈકી માજી સૈનિક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | બિનઅનામત | આ.ન.વ. | સા.શૈ.પ. | અનુ. જાતી | અનુ. જન જાતી | બિનઅનામત | આ.ન.વ. | સા.શૈ.પ. | અનુ. જાતી | અનુ. જન જાતી | | |
| ૧.ગાયનેકોલોજીસ્ટ (સ્ત્રી રોગ નિષ્ણાંત) | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨.પીડિયાટ્રીશીયન (બાળ રોગ નિષ્ણાત) | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩.મેડીકલ ઓફિસર | ૦૭ | ૦૨ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૪.લેબ.ટેકનીશીયન | ૧૫ | ૦૬ | ૦૧ | ૦૫ | ૦૧ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૩ |
| ૫.ફાર્માસીસ્ટ | ૧૭ | ૦૯ | ૦૧ | ૦૪ | ૦૧ | ૦૨ | ૦૩ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૩ |
| ૬.સ્ટાફ નર્સ | ૦૫ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૭.ફિમેલ હેલ્થ વર્કર (ફક્ત સ્ત્રીઓ માટે) | ૫૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૪ | ૦૩ | ૧૦ | ૦૫ | ૧૦ | ૦૧ | ૧૬ |
| ૮.મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુરૂષ) | ૩૩ | ૧૫ | ૦૩ | ૦૯ | ૦૨ | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૫ |
| કુલ | ૧૩૩ | ૩૯ | ૦૬ | ૨૦ | ૦૫ | ૧૧ | ૩૦ | ૦૩ | ૧૨ | ૦૫ | ૧૦ | ૦૫ | ૨૮ |

| ક્રમ | સંવર્ગનું નામ | લાયકાત, પગારધોરણ અને વયમર્યાદા |
|---|---|---|
| ૧ | ગાયનેકોલોજીસ્ટ (સ્ત્રી રોગ નિષ્ણાંત) | <u>લાયકાત:-</u><br>સરકાર માન્ય યુનિવર્સીટીમાંથી (ઇન્ડીયન મેડીકલ કાઉન્સિલ એક્ટ-૧૯૫૬ મુજબ) એમ.ડી.(ઓબસ્ટ્રેક્ટ & ગાયનેકોલોજી) અથવા પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમા ઇન ઓબસ્ટ્રેક & ગાયનેકોલોજી અથવા એમ.એસ. (ઓબસ્ટ્રેક્ટ & ગાયનેકોલોજી) અથવા ડી.એન.બી. (ઓબસ્ટ્રેક્ટ & ગાયનેકોલોજી)ની પરીક્ષા પાસ કરેલ હોવી જોઇએ અને સરકારી કે અર્ધસરકારી અથવા કોઇપણ સંસ્થામાં બે વર્ષની કામગીરીનો અનુભવ અને ગુજરાત મેડીકલ કાઉન્સિલ એક્ટ-૧૯૬૭ હેઠળ રજીસ્ટ્રેશન કરેલ હોવું જોઈએ અને કોમ્પ્યુટર, ગુજરાતી અને હિન્દી બન્નેનું પુરતું જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.<br><u>પગારધોરણ:-</u><br>પ્રથમ બે વર્ષનો સમયગાળો પ્રોબેશનનો રહેશે. પ્રોબેશનનો સમયગાળો સંતોષકારક રીતે પૂર્ણ થયેથી સાતમાં પગારપંચ મુજબ પે મેટ્રિક્સ લેવલ-૧૧, સ્કેલ ૬૭૭૦૦-૨૦૮૭૦૦ મળવાપાત્ર થશે.<br><u>વયમર્યાદા : ૨૧ થી ૪૫ વર્ષ</u> |
| ૨ | પીડિયાટ્રીશીયન (બાળ રોગ નિષ્ણાત) | <u>લાયકાત:-</u><br>ભારત સરકાર માન્ય યુનિવર્સીટીમાંથી (ઇન્ડીયન મેડીકલ કાઉન્સિલ એક્ટ-૧૯૫૬ મુજબ) એમ.ડી(પીડિયાટ્રીશીયન) અથવા પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમા ઇન પીડિયાટ્રીશીયન અથવા ડી.એન.બી. (પીડિયાટ્રીશીયન)ની પરીક્ષા પાસ કરેલ હોવી જોઇએ અને સરકારી કે અર્ધસરકારી અથવા કોઇપણ સંસ્થામાં બે વર્ષની કામગીરીનો અનુભવ અને ગુજરાત મેડીકલ કાઉન્સિલ એક્ટ-૧૯૬૭ હેઠળ રજીસ્ટ્રેશન કરેલ હોવું જોઈએ અને કોમ્પ્યુટર, ગુજરાતી અને હિન્દી બન્નેનું પુરતું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.<br><u>પગારધોરણ:-</u><br>પ્રથમ બે વર્ષનો સમયગાળો પ્રોબેશનનો રહેશે. પ્રોબેશનનો સમયગાળો સંતોષકારક રીતે પૂર્ણ થયેથી સાતમાં પગારપંચ મુજબ પે મેટ્રિક્સ લેવલ-૧૧, સ્કેલ ૬૭૭૦૦-૨૦૮૭૦૦ મળવાપાત્ર થશે.<br><u>વયમર્યાદા : ૨૧ થી ૪૫ વર્ષ</u> |

| | | |
|---|---|---|
| ૩ | મેડીકલ ઓફિસર | **લાયકાત:-**<br>એમ.બી.બી.એસ. (ભારતની કોઈપણ વૈધાનિક યુનિવર્સીટીમાંથી અથવા ઇન્ડિયન મેડીકલ કાઉન્સિલ એક્ટ-૧૯૫૬ની પ્રથમ અથવા બીજી સૂચિમાં દર્શાવ્યા મુજબની લાયકાત)<br>**અને**<br>ગુજરાત મેડીકલ કાઉન્સિલ એક્ટ-૧૯૬૭ હેઠળ રજીસ્ટ્રેશન કરેલ હોવું જોઈએ.<br>**અને**<br>ગુજરાત સિવિલ સર્વિસીઝ ક્લાસીફીકેશન એન્ડ રિક્રૂટમેન્ટ(જનરલ) રૂલ્સ-૧૯૬૭ માં દર્શાવેલ અને વખતો-વખતના સુધારા મુજબનું કોમ્પ્યુટર એપ્લીકેશનનું બેઝિક જ્ઞાન ધરાવતા હોવા જોઈએ<br>**અને**<br>ગુજરાતી અથવા હીન્દી અથવા બન્નેનું જ્ઞાન ધરાવતાં હોવા જોઈએ.<br><br>**પગારધોરણ:-**<br>પ્રથમ ત્રણ વર્ષ માટે માસિક ફિક્સ પગાર રૂ.૪૯,૭૦૦/- ત્યારબાદ ત્રણ વર્ષની સેવાઓ સંતોષકારક જણાયે સાતમા પગારપંચ મુજબ પે મેટ્રીક્સ લેવલ-૯, સ્કેલ ૫૩૧૦૦-૧૬૭૮૦૦ માં સમાવવા અંગે વિચારણા કરવામાં આવશે.<br>**વયમર્યાદા:-** ૨૧ થી ૩૬ વર્ષ(સરકારશ્રીનાં સા.વ.વિ.ના તા.૨૯/૦૯/૨૦૨૨ ના ઠરાવ મુજબ) |
| ૪ | લેબ.ટેકનીશીયન | **લાયકાત:-**<br>- કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકારના કાયદા હેઠળ સ્થાપિત **અથવા** સમાવિષ્ટ કોઇપણ યુનિવર્સીટીમાંથી **અથવા** અન્ય કોઇપણ શૈક્ષણિક સંસ્થા કે જે યુનિવર્સીટી ગ્રાન્ટ કમીશન એક્ટ-૧૯૫૬ની કલમ-૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સીટી તરીકે માન્યતા પ્રાપ્ત થયેલ હોય તેવી સંસ્થામાંથી કેમેસ્ટ્રી **અથવા** માઈક્રોબાયોલોજી **અથવા** બાયોકેમેસ્ટ્રી વિષય સાથે સ્નાતક ઉતીર્ણ થયેલા હોવા જોઈએ.<br>**અને**<br>- સરકાર માન્ય સંસ્થામાથી **અથવા** યુનિવર્સીટીમાંથી **અથવા** કેન્દ્ર સરકાર **અથવા** રાજ્ય સરકારનાં કાયદા હેઠળ સ્થાપિત સંસ્થામાંથી **અથવા** અન્ય કોઇપણ શૈક્ષણિક સંસ્થા કે જે યુનિવર્સીટી ગ્રાન્ટ કમીશન એક્ટ-૧૯૫૬ની કલમ-૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સીટી તરીકે માન્યતા પ્રાપ્ત થયેલ હોય તેવી સંસ્થામાંથી નીચે જણાવેલ પૈકી કોઈપણ એક કોર્ષ પાસ કરેલ હોવા જોઈએ.<br>- એ-ડીપ્લોમાં ઇન લેબોરેટરી ટેકનીશીયન<br>**અથવા**<br>- બી- ડીપ્લોમાં ઇન મેડીકલ લેબોરેટરી ટેકનીશીયન<br>**અથવા**<br>- સી- ડીપ્લોમાં ઇન મેડીકલ ટેકનોલોજી<br>**અથવા**<br>- ડી- પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમાં ઇન મેડીકલ લેબોરેટરી ટેકનોલોજી<br>**અથવા**<br>- ઈ- મેડીકલ લેબોરેટરી ટેકનીશીયન ટ્રેનીંગનો એક વર્ષનો કોર્ષ<br>**અથવા**<br>- એફ- લેબોરેટરી ટેકનીશીયન ટ્રેઇનિંગનો એક વર્ષનો કોર્ષ<br>**અને**<br>ગુજરાત સિવિલ સર્વિસીઝ ક્લાસીફીકેશન એન્ડ રિક્રૂટમેન્ટ(જનરલ) રૂલ્સ-૧૯૬૭ માં દર્શાવેલ અને વખતો-વખતના સુધારા મુજબનું કોમ્પ્યુટર એપ્લીકેશનનું બેઝિક જ્ઞાન ધરાવતા હોવા જોઈએ<br>**અને**<br>ગુજરાતી અથવા હીન્દી અથવા બન્નેનું જ્ઞાન ધરાવતાં હોવા જોઈએ.<br>**પગારધોરણ:-**<br>પ્રથમ પાંચ વર્ષ માટે માસિક ફિક્સ પગાર રૂ.૩૧૩૪૦/- ત્યારબાદ પાંચ વર્ષની સેવાઓ સંતોષકારક જણાયે સાતમા પગારપંચ મુજબ પે મેટ્રીક્સ લેવલ-૫ સ્કેલ ૨૯૨૦૦-૯૨૩૦૦ માં સમાવવા અંગે વિચારણા કરવામાં આવશે.<br>**વયમર્યાદા:-** ૧૮ થી ૩૬ વર્ષ(સરકારશ્રીનાં સા.વ.વિ.ના તા.૨૯/૦૯/૨૦૨૨ ના ઠરાવ મુજબ) |
| ૫ | ફાર્માસીસ્ટ | **લાયકાત:-**<br>- કેન્દ્ર સરકાર **અથવા** રાજ્ય સરકારના કાયદા હેઠળ સ્થાપિત **અથવા** સમાવિષ્ટ કોઇપણ યુનિવર્સીટીમાંથી **અથવા** અન્ય કોઇપણ શૈક્ષણિક સંસ્થા કે જે યુનિવર્સીટી ગ્રાન્ટ કમીશન એક્ટ-૧૯૫૬ની કલમ-૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સીટી તરીકે માન્યતા પ્રાપ્ત થયેલ હોય તેવી સંસ્થામાંથી બી.ફાર્મ ની પદવી ધરાવતા હોવા જોઈએ<br>**અને**<br>- ફાર્મસી કાઉન્સિલ ઓફ ઇન્ડિયા/ગુજરાત ફાર્મસી કાઉન્સિલમાં રજીસ્ટ્રેશન કરાવેલ હોવું જોઈએ.<br>**અને**<br><br>- સરકારી સંસ્થા/સરકાર હસ્તકની સંસ્થા/બોર્ડ/મ્યુનિ.કોર્પોરેશનમાં જુનીયર ફાર્માસિસ્ટ તરીકેનો **અથવા** માન્ય એલોપેથી હોસ્પિટલ/ડીસ્પેન્સરીમાં ડિસ્પેન્સર/કમ્પાઉન્ડર તરીકેનો **અથવા** કંપની એક્ટ-૨૦૧૩ હેઠળ સ્થપાયેલ કોઈપણ ફાર્માસ્યુટિકલ કંપનીમાં ફાર્માસિસ્ટ/મેડીકલ રિપ્રેઝન્ટેટિવ તરીકેનો ૦૨(બે) વર્ષનો અનુભવ<br>**અને**<br>ગુજરાત સિવિલ સર્વિસીઝ ક્લાસીફીકેશન એન્ડ રિક્રૂટમેન્ટ(જનરલ) રૂલ્સ-૧૯૬૭ માં દર્શાવેલ અને વખતો-વખતના સુધારા મુજબનું કોમ્પ્યુટર એપ્લીકેશનનું બેઝિક જ્ઞાન ધરાવતા હોવા જોઈએ<br>**અને**<br>ગુજરાતી અથવા હીન્દી અથવા બન્નેનું જ્ઞાન ધરાવતાં હોવા જોઈએ.<br>**પગારધોરણ:-**<br>પ્રથમ પાંચ વર્ષ માટે માસિક ફિક્સ પગાર રૂ.૩૧૩૪૦/- ત્યારબાદ પાંચ વર્ષની સેવાઓ સંતોષકારક રીતે જણાયે સાતમા પગારપંચ મુજબ પે મેટ્રીક્સ લેવલ-૫ સ્કેલ ૨૯૨૦૦-૯૨૩૦૦ માં સમાવવા અંગે વિચારણા કરવામાં આવશે.<br>**વયમર્યાદા:-** ૧૮ થી ૩૬ વર્ષ(સરકારશ્રીનાં સા.વ.વિ.ના તા.૨૯/૦૯/૨૦૨૨ ના ઠરાવ મુજબ) |

| | | |
|---|---|---|
| ૬ | સ્ટાફ નર્સ | **લાયકાત:-**<br>ઇન્ડીયન નર્સિંગ કાઉન્સિલ દ્વારા માન્ય સંસ્થાઓમાંથી બી.એસ.સી.(નર્સિંગ)નો ડીગ્રી કોર્ષ અથવા ઇન્ડીયન નર્સિંગ કાઉન્સિલ દ્વારા માન્ય સંસ્થાઓમાંથી જનરલ નર્સિંગ એન્ડ મીડવાઇફરીનો ડીપ્લોમાં કોર્ષ અથવા સરકારશ્રી દ્વારા માન્ય કરેલ સમકક્ષ શૈક્ષણિક લાયકાત અને કોમ્પ્યુટર, ગુજરાતી અને હિન્દી બન્નેનું પુરતું જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.<br>**પગારધોરણ:-**<br>પ્રથમ પાંચ વર્ષ માટે માસિક ફિક્સ પગાર રૂ.૩૧૩૪૦/- ત્યારબાદ પાંચ વર્ષની સેવાઓ સંતોષકારક રીતે જણાયે સાતમાં પગારપંચ મુજબ પે મેટ્રિક્સ લેવલ-૫ સ્કેલ ૨૯૨૦૦-૯૨૩૦૦ માં સમાવવા અંગે વિચારણા કરવામાં આવશે.<br>**વયમર્યાદા :** ૧૮ થી ૩૬ વર્ષ(સરકારશ્રીનાં સા.વ.વિ.ના તા.૨૯/૦૯/૨૦૨૨ ના ઠરાવ મુજબ) |
| ૭ | ફિમેલ હેલ્થ વર્કર (ફક્ત સ્ત્રીઓ માટે) | **લાયકાત:-**<br>- એસ.એસ.સી. પરિક્ષા પાસ<br>**અને**<br>- સરકાર માન્ય સંસ્થામાંથી ફિમેલ હેલ્થ વર્કર/એ.એન.એમ. બેઝીક ટ્રેનિંગ કોર્ષ પાસ કરેલ હોવો જોઈએ.<br>**અને**<br>- ગુજરાત સિવિલ સર્વિસીઝ ક્લાસીફીકેશન એન્ડ રિક્રૂટમેન્ટ(જનરલ) રૂલ્સ-૧૯૬૭ માં દર્શાવેલ અને વખતો-વખતના સુધારા મુજબનું કોમ્પ્યુટર એપ્લીકેશનનું બેઝિક જ્ઞાન ધરાવતા હોવા જોઈએ<br>**અને**<br>- ગુજરાતી અથવા હીન્દી અથવા બન્નેનું જ્ઞાન ધરાવતાં હોવા જોઈએ.<br>**પગારધોરણ:-**<br>પ્રથમ પાંચ વર્ષ માટે માસિક ફિક્સ પગાર રૂ.૧૯,૯૫૦/- ત્યારબાદ પાંચ વર્ષની સેવાઓ સંતોષકારક રીતે જણાયે સાતમા પગારપંચ મુજબ પે મેટ્રીક્સ લેવલ-૨ સ્કેલ ૧૯૯૦૦-૬૩૨૦૦ માં સમાવવા અંગે વિચારણા કરવામાં આવશે.<br>**વયમર્યાદા:-** ૧૮ થી ૩૪ વર્ષ(સરકારશ્રીનાં સા.વ.વિ.ના તા.૨૯/૦૯/૨૦૨૨ ના ઠરાવ મુજબ) |
| ૮ | મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર | **લાયકાત:-**<br>- એચ.એસ.સી. પરીક્ષા પાસ<br>**અને**<br>- સરકાર માન્ય સંસ્થામાંથી મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરનો એક વર્ષનો કોર્ષ પાસ કરેલ હોવો જોઈએ.<br>**અથવા**<br>- સરકાર માન્ય સંસ્થામાંથી સેનેટરી ઇન્સ્પેક્ટર/હેલ્થ સેનેટરી ઇન્સ્પેકટરનો કોર્ષ પાસ કરેલ હોવો જોઈએ.<br>**અને**<br>- ગુજરાત સિવિલ સર્વિસીઝ ક્લાસીફીકેશન એન્ડ રિક્રૂટમેન્ટ(જનરલ) રૂલ્સ-૧૯૬૭ માં દર્શાવેલ અને વખતો-વખતના સુધારા મુજબનું કોમ્પ્યુટર એપ્લીકેશનનું બેઝિક જ્ઞાન ધરાવતા હોવા જોઈએ<br>**અને**<br>- ગુજરાતી અથવા હીન્દી અથવા બન્નેનું જ્ઞાન ધરાવતાં હોવા જોઈએ.<br>**પગારધોરણ:-**<br>પ્રથમ પાંચ વર્ષ માટે માસિક ફિક્સ પગાર રૂ.૧૯,૯૫૦/- ત્યારબાદ પાંચ વર્ષની સેવાઓ સંતોષકારક રીતે જણાયે સાતમા પગારપંચ મુજબ પે મેટ્રીક્સ લેવલ-૨ સ્કેલ ૧૯૯૦૦-૬૩૨૦૦ માં સમાવવા અંગે વિચારણા કરવામાં આવશે.<br>**વયમર્યાદા:-** ૧૮ થી ૩૪ વર્ષ(સરકારશ્રીનાં સા.વ.વિ.ના તા.૨૯/૦૯/૨૦૨૨ ના ઠરાવ મુજબ) |

સુચના :

- આરક્ષિત વર્ગના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં ૫(પાંચ) વર્ષની છૂટછાટ આપવામાં આવશે તેમજ આરક્ષિત વર્ગનાં મહિલા ઉમેદવાર આરક્ષિત વર્ગની જગ્યા પર અરજી કરશે તો તેમને ૫(પાંચ) વર્ષની છુટછાટ તથા ૫(પાંચ) વર્ષ મહિલા અનામતના એમ કુલ ૧૦(દસ) વર્ષની છુટછાટ આપવામાં આવશે. સરકારશ્રીના ધારાધોરણ મુજબ વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદા રહેશે. રાજકોટ મહાનગરપાલિકાના કર્મચારીઓને ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહિ.
- અગાઉ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા <u>મલ્ટી પર્પઝ હેલ્થ</u> વર્કરની તા.૧૭/૦૧/૨૦૨૩ નાં રોજ કુલ-૧૧૭ જગ્યાઓ માટે જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવેલ જે યથાવત છે અને ઉક્ત ક્રમ-૮ મુજબની જગ્યાઓ નવી મંજુર થયેલ જગ્યાઓ છે જેથી દરેક ઉમેદવાર આ ભરતી અન્વયે પણ ઉમેદવારી નોંધાવી શકશે.
- શારીરિક રીતે અશકત ઉમેદવારોને સામાન્ય વહીવટ વિભાગના નિયત થયેલ સુપ્રિન્ટેડન્ટ/સિવિલ સર્જનના તબીબી પ્રમાણપત્રને આધિન રહીને ઉપલી વયમયાર્દામાં ૧૦(દસ) વર્ષ સુધીની છૂટછાટ તથા મહિલા ઉમેદવારને ૦૫(પાંચ) વર્ષની વિશેષ છૂટછાટ વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં મળવાપાત્ર રહેશે.

| ક્રમ | દિવ્યાંગતા | દિવ્યાંગતાનો પ્રકાર |
|---|---|---|
| 1 | 2 | 3 |
| A | અંધત્વ અથવા ઓછી દ્રષ્ટી | B(BLIND), LV(LOW VISION) 40% TO 75% |
| B | બધિર અને ઓછું સંભાળનાર | D(DEAF), HH(HARD OF HEARING) 40% TO 75% |
| C | મગજનો લકવો સહીતની હલનચલનની દિવ્યાંગતા, રક્તપિતમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ | OA(ONE ARM),BA(BOTH ARM), OL(ONE LEG),BL(BOTH LEGS),OAL(ONE ARM AND ONE LEG), CP(CEREBRAL PALSY), LC(LEPROSY CURED), DW(DWARFISM), AAV(ACID ATTACK VICTIMS), SD(SPINAL DEFORMITY), SI(SPINAL INJRUY) |
| D | સ્વલીન(autism), બધ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શિખવાની અક્ષમતા અને માનસિક બિમારી | ASD-M(AUTISM SPECTRUM DISORDER M-MILD), ID(INTELLECTUAL DISABILITY), SLD(SPECIFIC LEARNING DISABILITY), MI(MENTAL ILLNESS) 40% TO 75% |
| E | બહેરાશ-અંધત્વ સહીતની કોલમ-(A) થી (B) હેઠળની એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ | MD(MULTIPLE DISABILITY) 40% TO 75% INVOLVING SR NO.(A) TO (D) ABOVE AS PER COLOMN-1 |

- શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારોએ Online ફોર્મમાં Personal Details માં પોતાની અશકતતાની ટકાવારી/વિગત દર્શાવવાની રહેશે. ક્રમ-૭ અને ૮ ની કામગીરી ફિલ્ડની હોવાથી શારીરિક અશક્તતાના પ્રકારને ધ્યાને લેવામાં આવશે.
- શારીરિક અશકત તથા માજી સૈનિક માટે અનામત જગ્યાઓ ઉપર જે ઉમેદવાર પસંદગી પામશે તેઓ પોતે જે કેટેગરીના (બિન અનામત/આર્થિક રીતે નબળા વર્ગો/સા.શૈ.પ.વર્ગ/અનુ.જાતિ/અનુ.જન જાતિ) ઉમેદવાર હશે, તે કેટેગરીના ગણવામાં આવશે તેમજ તે કેટેગરીની જગ્યામાં સમાવવામાં આવશે.
- સા.વ.વિ.ના તા.૧૫/૦૨/૨૦૦૧ ના ઠરાવ ક્રમાંક:સીઆરઆર-૧૦૨૦૦૮-જીઓઆઈ-૭-ગ.૨ મુજબ શારીરિક અશકતતા ૪૦% કે તેથી વધુ હોય તેમને જ શારીરિક અશકતતાના લાભો મળવાપાત્ર રહેશે.
- માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જળ, વાયુ અને ભૂમિની આર્મી ફોર્સીસમાં ઓછામાં ઓછા છ માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ અને ડિસ્ચાર્જ બૂક ધરાવતા હોય તો ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છૂટછાટ મળશે.
- ઉક્ત જગ્યા પર ઉમેદવારી નોધાવવા માટે રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે અન્ય કોઈ માધ્યમ મારફતે કરવામાં આવેલ અરજી રદબાતલ ગણવામાં આવશે. ઉપરોક્ત જગ્યાઓ તથા તેને લગત વધુ વિગતો www.rmc.gov.in પરથી મેળવી શકાશે.
- બિનઅનામત અને બિનઅનામત મહિલા ઉમેદવારોએ પરીક્ષા ફી પેટે રૂ.૫૦૦/-(પાંચસો) અને અન્ય કેટેગરી(માજી સૈનિક સહીત)ના ઉમેદવારોએ પરીક્ષા ફી પેટે રૂ.૨૫૦/- (બસ્સો પચાસ પુરા) માત્ર રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ પરથી ઓનલાઈન માધ્યમથી ભરવાની રહેશે.
- ફક્ત જગ્યાની નિયત લાયકાત ધરાવતા ઉમેદવારોએ જ અરજી કરવાની રહેશે. અરજી કર્યા બાદ અરજી ફી રીફંડ થશે નહિ/પરત મળશે નહિ.
- અરજી કરવાની છેલ્લી તારીખની સ્થિતિએ લાયકાત, અનુભવ, ઉમર અને અન્ય તમામ પ્રકારની સંલગ્ન ગણતરી કરવામાં આવશે અને ઓનલાઈન અરજીમાં ખોટી વિગતો રજુ કરનાર ઉમેદવારને ભરતીની આગળની કાર્યવાહી માટે ગેરલાયક(નોટએલીજીબલ) ગણવામાં આવશે તથા અરજી કરતી વખતે ઉમેદવારે સબમીટ કરેલ માહિતીમાં પાછળથી કોઇપણ પ્રકારના સુધારાને ધ્યાને લેવામાં આવશે નહિ.
- ઉમેદવારોની આવેલ અરજીની સંખ્યાને ધ્યાને લઇ નિમણુંક અધિકારી દ્વારા ઉમેદવારોના મેરીટ ક્રમાંક નિયત કરવા અંગેની ઉચિત કાર્યપ્રણાલી અનુસરીને પસંદગી કરવામાં આવશે.
- સદરહુ મહેકમના ખર્ચની નાણાકીય જોગવાઈ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકારશ્રી દ્વારા પૂરી પાડવામાં આવશે.
- સરકારશ્રીની ૧૦૦% ગ્રાન્ટ આધારિત યોજનાના અનુસંધાને (૧)સામુહીક આરોગ્ય કેન્દ્રની વિવિધ સંવર્ગની કુલ ગેપ(ખૂટતી) પોસ્ટ નવી બાબત (૨) શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માટે નવી જગ્યાઓ ઉભી કરવા અંગેની નવી બાબત (૩) શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માટે અને અગાઉ મંજુર થયેલ ખાલી જગ્યાઓ માટે હંગામી મહેકમ ઉપસ્થીત કરવાનું હોઈ, સરકારશ્રીની યોજના અમલમાં હોય અથવા સરકારશ્રી તરફથી ગ્રાન્ટ મળતી બંધ થાય એ બન્નેમાંથી જે વહેલું હોય તેટલા સમયગાળા માટે હંગામી ધોરણે આ મહેકમ મંજુર થયેલ છે. સરકારશ્રીની ૧૦૦% ગ્રાન્ટ આધારિત હંગામી મહેકમ હોઈ, સંબંધિત યોજના પૂર્ણ થયેથી અથવા સરકારશ્રી તરફથી ગ્રાન્ટ મળતી બંધ થયેથી સંબંધિત હંગામી મહેકમની મુદ્દત આપોઆપ પૂરી થયેલ ગણાશે તથા આ હંગામી મહેકમ ઉપરના તમામ સ્ટાફની નિયુક્તિની મુદ્દત પણ આપોઆપ પૂરી થયેલ ગણાશે, તેમજ સંબંધિત યોજનાના અનુસંધાને નિયુક્ત કરેલ તમામ સ્ટાફ પોતાની ફરજમાંથી આપોઆપ છુટા થયેલા ગણાશે અને છુટા થયેલા સ્ટાફનો રાજકોટ મહાનગરપાલિકામાં આ અંગે કોઈ પણ પ્રકારનો હક્ક, હિસ્સો, દાવો કે લીયન રહેશે નહિ.
- ઉક્ત જગ્યાઓ આરોગ્ય શાખા હેઠળ અલાયદા "અર્બન હેલ્થ પ્રોજેક્ટ સેલ" ના સરકારશ્રીની ગ્રાન્ટ આધારિત હંગામી મહેકમમાં ભરતી થશે. આ હંગામી સ્ટાફ સેટઅપને રાજકોટ મહાનગરપાલિકાના સ્ટાફ સેટઅપમાં સમાવેશ કરવામાં આવશે નહી.
- ઉક્ત જગ્યામાં નિમણુક થયેલાને ફરજ ઉપર હાજર થતા પહેલા રાજકોટ મહાનગરપાલિકાના ઠરાવની શરતો કબુલ છે તે બાબતનું નોટરાઈડ બાહેંધરીપત્રક આપવાનું રહેશે.
- વધુ માહિતી માટે વેબસાઈટ www.rmc.gov.in ની વખતો-વખત મુલાકાત લેવી.
- આ જાહેરાત કોઇપણ કારણોસર રદ્દ કરવાની,ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તે અન્વયેનો આખરી નિર્ણય કમિશનરશ્રી, રાજકોટ મહાનગરપાલિકાનો સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે.
- આ જગ્યાઓ રાજકોટ મહાનગરપાલિકાની સ્થાયી સમિતિ અને સામાન્ય સભાની મંજૂરીને આધીન રહેશે.

## કોમ્પ્યુટર વિષયક લાયકાત:

ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતીના સામાન્ય નિયમો-૧૯૬૭ ના નિયમ-૮(૧એ) ની જોગવાઈ મુજબ કોમ્પ્યુટર એપ્લીકેશનનું મૂળભૂત જ્ઞાન ધરાવતા હોવાનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ ના ઠરાવ ક્રમાંક :સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.પ. સાથેના પત્રક-૧ માં દર્શાવેલ અભ્યાસક્રમને કોમ્પ્યુટરનાં બેઝીક નોલેજ તરીકે જાહેર કરેલ છે. ઉમેદવાર ગુજરાતી અને હિન્દીનું પર્યાપ્ત જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.

## નાગરિકત્વ:

પરીક્ષામાં પ્રવેશ માટે ઉમેદવાર (ક) ભારતનો નાગરિક અથવા (ખ) નેપાળનો પ્રજાજન (ગ) ભૂતાનનો પ્રજાજન અથવા(ઘ) ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી ૦૧/૦૧/૧૯૬૨ પહેલા ભારતમાં આવેલા તિબેટના નિર્વાસિત અથવા (ચ) પાકિસ્તાન, બર્મા,શ્રીલંકા અને પૂર્વ આફ્રિકાના દેશો- કેન્યા, યુગાન્ડા, વિયેતનામ, ઝામ્બીયા, મલાવી, ઝેર, ઇથોપિયા, યુનાઈટેડ, રિપબ્લિક ઓફ ટાન્ઝાનિયાના, દેશોમાંથી સ્થળાંતર કરી ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી આવેલ ભારતીય વ્યક્તિ, પરંતુ (ખ) થી (ચ) સુધીના પ્રકારમાની વ્યક્તિઓ ગુજરાત સરકાર પાસેથી પાત્રતા પ્રમાણપત્ર મેળવ્યું હોય તો જ નિમણુંક માટે પાત્ર બનશે. આ જગ્યા માટે ઉમેદવાર ગુજરાત રાજ્યના વતની અને ગુજરાત રાજ્યના ડોમીસાઈલ હોવા જોઈએ.

## ઓનલાઇન અરજી કરતી વખતે ઉમેદવારે ધ્યાને લેવાની અગત્યની સુચનાઓ :

- ઉમેદવારે ઓનલાઇન અરજી ફોર્મમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવા રાજકોટ મહાનગરપાલિકા માંગે ત્યારે અસલમાં (પ્રમાણિત નકલો સહિત) રજુ કરવાના રહેશે. ચકાસણી દરમ્યાન ઓનલાઇન અરજી ફોર્મમાં ભરેલ વિગતો તથા પુરાવામાં ફેરફાર અથવા તફાવત જણાશે તો ઉમેદવારી રદ્દબાતલ ગણવામાં આવશે.
- બિનઅનામત અને બિનઅનામત મહિલા ઉમેદવારોએ પરીક્ષા ફી પેટે રૂ.૫૦૦/-(પાંચસો) અને અન્ય કેટેગરીના ઉમેદવારોએ પરીક્ષા ફી પેટે રૂ.૨૫૦/- (બસ્સો પચાસ પુરા) માત્ર રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ પરથી ઓનલાઈન મોડથી જમા કરાવવાના રહેશે આ અરજી ફી માત્ર અને માત્ર ઓનલાઈન/નેટ બેન્કિંગથી જ સ્વીકારવામાં આવશે. અરજી ફી ભર્યા બાદ ઉમેદવારે પોતાનો અરજી નં. તથા ટ્રાન્ઝેક્શન આઈ.ડી.સાચવી રાખવાના રહેશે. અરજી ફી ભર્યા બાદ રીફંડ આપવામાં આવશે નહિ. ફી ભર્યા વગરની અરજી રદ્દ થવા પાત્ર રહેશે. અરજી ફી ન ભરનાર ઉમેદવારને કોઈ પણ પ્રકારની લેખિત પરીક્ષા/સ્ક્રીનિંગ ટેસ્ટ/મૌખિક ઇન્ટરવ્યુ પૈકી નિમણુંક અધિકારી દ્વારા જે કાર્યપદ્ધતિ નિયત કરવામાં આવશે તેમાં બેસવા દેવામાં આવશે નહિ.
- ઉમેદવારે ઓનલાઇન અરજી ફોર્મમાં જે પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ Upload કરેલ હોય, તે ફોટોગ્રાફની વધુ કોપીઓ પોતાની પાસે રાખવાની રહેશે અને ભરતી પ્રક્રિયા (લેખિત પરીક્ષા/ઇન્ટરવ્યુ/વિગેરે) સમયે તેવો જ ફોટોગ્રાફ જ કરવાનો રહેશે.
- કોઇપણ ઉમેદવાર એક જ જગ્યા માટે એક કરતાં વધુ અરજી કરશે તો તેઓની અરજી/અરજીઓ રદ્દ કરવા અંગે નિર્ણય કરવાની સત્તા રાજકોટ મહાનગરપાલિકાની રહેશે.
- ઉંમર, લાયકાત અને સંલગ્ન બાબતો ઓનલાઇન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજની માન્ય ગણવામાં આવશે.
- માર્કશીટ, ડીગ્રી સર્ટીફીકેટમાં ગ્રેડ દર્શાવેલ હોય તો તેનું સમકક્ષ ટકામાં માન્ય યુનિવર્સીટીનું કન્વર્ઝન કોષ્ટક રજૂ કરવાનું રહેશે.